IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# ઉમરગામ તાલુકામાં શ્રી પાંડુરંગ આઠવલેજીના સ્વાધ્યાય કાર્યમાં યુવાકેન્દ્રની પ્રવૃતિઓનો અભ્યાસ

**સંશોધક** **માર્ગદર્શક**

સંજયકુમાર એન. માછી ડો. પ્રિતીબેન ચૌધરી

આસિ. પ્રોફેસર, (પીએચ.ડી. સ્કોલર) શિક્ષણ વિભાગ.

સત્યમ કોલેજ ઓફ એડયુકેશન ભરુચ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

Abstract :

આજની યુવાપેઢી ધ્યેયશુન્ય, ગતિશુન્ય, દિશા શુન્ય બનેલો યુવાન પોતે જ વિશ્વ માટે એક સમાસ્યા બની ગયો છે. વેદોમાં કહેવામાં આવ્યુ છે. યુવા શક્તિ, પરાશક્તિ - યુવાશક્તિએ દૈવીશક્તિ છે. પરંતુ શુ આજની યુવાશક્તિને જોઇને આવુ લાગે છે ? આજે તો યુવા પોતાની જીંદગીમાં મસ્ત છે. કરીયરમાં વ્યસ્ત છે અને ફેશન પરસ્ત છે. આજનાં કાળમાં યોગ્ય માર્ગદર્શનનાં અભાવે યુવાશક્તિએ દિશાહીન બની ભટકતી જોવા મળે છે. યુવાન તેજસ્વી, તપસ્વિતા અને તત્પરતા હોવા જોઇએ તેના બદલે તે નિસ્તેજ સાધન શુન્ય, ભોગપ્રિય અને નિસ્ક્રિય જોવા મળે છે. ધસમસતી નદીમાં પ્રચંડશકતિ હોય છે. સેકડો ગામોનો સંહાર કરી નાખે, પરંતુ એન્જિનીયરો બંધ બાધીને તે નદીની શક્તિને નાથીને સર્જનનાં કાર્યમાં જોડે છે. આવી જ રીતે યુવાનો પાસે પ્રચંડ શક્તિ છે. તત્ત્વચિંતક શ્રી પાંડુરંગ આઠવલેજીએ આવી વેગવાન યુવશક્તિને એક પ્લેટફોર્મ સ્વરૂપે યુવા કેન્દ્ર આપ્યુ. ઇ.સ. ૧૯૭૧માં આ ગૃપને (D.B.T.) Divine Brain Trust નામ આપ્યુ. આજે યુવાકેન્દ્ર તરીકે ઓળખાય છે. શરૂઆતના સમયમાં સહજ યુવાનો સાથે ધર્મ સંસ્કૃતિ, ભક્તિ, મૂર્તિપૂજા, સાંસ્કૃતિક સાધનો, વેદકાલીન સમાજ વ્યવસ્થા, વિશ્વનું વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન જેવાં અનેક વિષયો પર ચર્ચા વિચારણા કરવામાં આવતી હતી અને તેનાં દ્વારા ઉદભવેલાં પ્રશ્નોનાં ઉત્તર આપી યુવાનોને નિશંક બનાવ્યા.

આજે યુવાકેન્દ્ર એક્ટિવિષ્ટ તત્ત્વજ્ઞાની ચિંતક શ્રી પાંડુરંગ આઠવલેજીની મુવીંગ યુનિવર્સિટી છે. ભગવાનને કેન્દ્રમાં રાખી યુવાનો આજે યુવા કેન્દ્રમાં નિસ્વાર્થ સબંધથી કોઇપણ અપેક્ષા રાખ્યા વગર નક્કી કરેલનિસ્ચિત જગ્યાએ ભગવાનને આપેલ સમય (Appointment with God) છે. યુવા કેન્દ્રમાં વિવિધ પુષ્પો દ્વારા (વિષય) ગુણદર્શન ચરિત્રદર્શન, મંતવ્યદર્શન (ડિબેટ) ઉત્સવ, રમત, કોયડો, કુતુહલમ વગેરે ચર્ચા વિચારણા કરવામાં આવે છે. યુવા કેન્દ્રમાં વિવિધ

ઉત્સવો જેવાં કે ગીતાજયંતિ, પથનાટ્ય (નાટક), રમત ઉત્સવ વગેરે ઉજવવામાં આવે છે, વર્ષ ૨૦૦૦ પછી આખા વિશ્વમાં Universal Format દ્વારા વિશ્વમાં એક વિચાર, આચાર અને પધ્ધતિથી આજે યુવાકેન્દ્ર ચાલે છે.

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ યુવાકેન્દ્રનો અભ્યાસ કરવો, યુવાકેન્દ્ર પ્રવૃત્તિ પાછળનો હેતુઓ, Universal Format નાં મહત્વનો અભ્યાસ, યુવાકેન્દ્રમાં પંચસુત્રિ પ્રવૃતિ વગેરે બાબતો જેવી જાણવાનો હેતુ રહેલો છે. પ્રસ્તુત સંશોધનમાં ઉમરગામ તાલુકામાં યુવાકેન્દ્રનાં ફક્ત ત્રણ કેન્દ્રનાં ૭૫ યુવનોની પસંદગી કરી અભિપ્રાયવલિ અને પ્રશ્નાવલિ દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી. આ સંદર્ભની ઊંડાણપુર્વકની માહીતી પ્રસ્તુત સંશોધન પત્રમાં રજુ કરવામાં આવી છે.

ચાવીરૂપ શબ્દો : ઉમરગામ તાલુકો, શ્રી પાંડુરંગ આઠવલેજી, સ્વાધ્યાયકાર્ય, યુવાકેન્દ્ર, પ્રવૃત્તિઓ, અભ્યાસ

ઉમરગામ તાલુકામાં શ્રી પાંડુરંગ આઠવલેજીના સ્વાધ્યાય કાર્યમાં યુવાકેન્દ્રની પ્રવૃતિઓનો અભ્યાસ - એક સર્વેક્ષણ

આજે એકવીસમી સદીમાં જ્યારે માનવે વિજ્ઞાન અને ટેકનોલોજીની ચરમસીમા હાંસલ કરી છે. યંત્રોના સતત સંપર્કથી યુવા યુવાનનું જીવન જડ, ભાવશુન્ય, સ્વાર્થપરાયણ, ભોગવાદ અને ભૌતિકવાદી માનવનુ આજે અધ:પતન જોવા મળે છે. વ્યક્તિગત યુવાજીવન, ચિંતા, ઉદ્વિગ્નતા અને નિરાશાથી ભર્યુ છે. ત્યાગ અને તપ, સ્નેહ અને સહકારનાં પાયા પર ઉભેલુ કુંટુંબજીવન આજે ભાવ કરતાં ભોગને, ધર્મ કરતાં ધનને અને સ્નેહ કરતાં સ્વાર્થને જ કેન્દ્ર જોવા મળે છે.

જીવનમં ન પ્રકાશ, ન દિશા, ના ગતિ, ન મંજીલ એવી અંધકારમય રાત્રીમાં ભટકતો સિંહ સમૂહ યુવાન બકરા જેવી પરાધીનતા અનુભવા લાગ્યો. દિન, હીન, લાચારી, ગમેત્યાં ફાયદો થાય ત્યાં માથુ નમાવતો ફરતો દેખાય છે. કતૃત્ત્વશક્તિ, નિર્ણયશક્તિ, જીવનમાંથી ખલાસ થઇ ગઇ છે. આજની યુવાપેઢી વોટ,નોટ અને લોટ ભેગા કરવામાં અટવાઇ ગયો છે. પૈસા ભેગા કરવા, ભોગો ભોગવી લેવા આનાથી આગળ એની વિચાર દ્રષ્ટિ પહોચતી નથી એ વિચારતો જ નથી અને એના સિવાય કઇંજ કરવા જેવું તેને લાગતુ પણ નથી અને Eat Drink and Be marry - ખાવો, પિવો અને મજા કરો આજ જિંદગી છે આજનાં યુવાનમાં કાયદો તેની ગતિ છે. વાયદો તેનુ જીવન છે અને ફાયદો તેનો વ્યવહાર છે.

શ્રી પાંડુરંગ આઠવલેજી યુવાશક્તિને નમસ્કાર કરે છે. તેઓ કહે છે કે મને ત્રન વાતો પર વિશ્વાસ છે. (૧) ભગવાન (૨) શ્રુતિ અને (૩) યુવાન. ભગવાન અને શ્રુતિ (વેદ)ની હરોળમાં યુવાનોને સાથે રાખી દિધા છે. યુવાનીએ નિસ:ર્ગ શક્તિ છે, ચૈતન્યશક્તિ છે તેથી જ યુવાની વયવાચક નહિ પણ વૃતિ વાચક અને સામર્થ્યવાચક શબ્દ છે. યુવા સ્યાત્ સાધુયુવાધ્યાયક આશિષ્ટો દ્રઢિષ્ટો બલિષ્ઠસ્તસ્યેયં પૃથ્વી સર્વા વિત્તસ્ય પૂર્ણા સ્યાત !

આમ આવી જ યુવાનીનું શ્રી પાંડુરંગ આઠવલેજીએ કરેલુ ભાવપૂજન એટલે Divine Brain Trust સમાન વય અને અભિરૂચિ ધરવતા યુવાનો માટે આપેલુ એકમ એટલે યુવા કેન્દ્ર. યુવાકેન્દ્ર દ્વારા યુવાનોના જીવનનો સર્વાંગી વિકાસ, સાંસ્કૃતિક પુનરુત્થાન, ચારિત્ર્ય નિર્માણ (શીલ નિર્માણ) આત્મવિશ્વાસ, આત્મગૌરવ, ઇશવિશ્વાસ અને પ્રત્યેક યુવાનનાં જીવનમાં can do વૃતિ નિર્માંણ થાય આવી વગેરે જેવી બાબતો યુવા કેન્દ્ર થકી જ યુવાનોમાં જિજ્ઞાસા નિર્માણ થાય છે.

## ઉમરગામ તાલુકો

પ્રસ્તુત અભ્યાસમાં ઉમરગામ તાલુકો એટલે ગુજરાત રાજયનાં વલસાડ જિલ્લાં નાં છ તાલુકા પૈકી એક તાલુકો. જેમાં વાપી, પારડી, ધરમપુર, કપરાડા, વલસાડ અને ઉમરગામ તાલુકો. આ તાલુકાને ઉત્તરે વલસાડ તાલુકો, દક્ષિણે મહારાષ્ઠ, પુર્વ માં દાદરા નગર હવેલી અને પસ્ચિમ દિશામાં સુંદર રમણીય અરબ સાગર આવેલો છે. ઉમરગામ તાલુકાનું ક્ષેત્રફળ ૩૬૨ ચો.કિ.મી. છે. તેમજ લગભગ ૫૪ જેટલાં નાના મોટા ગામોનો સમાવેશ થાય છે.

## શ્રી પાંડુરંગ આઠવલેજી

શ્રી પાંડુરંગ આઠવલેજી જન્મ ૧૯ ઓકટોબર ૧૯૨૦ના રોજ આસો સુદ સાતમના દિવસે મહારાષ્ટ્ર રાજયનાં થાણા જિલ્લાંમાં આવેલાં રોહા ગામનાં બ્રાહ્મણ પરિવાર અત્રીકૂળમાં થયો હતો. તેમના પિતાનું નામ વૈજનાથ આઠવલેજી અને માતાનું નામ પાર્વતિ હતુ. સ્વધ્યાય કાર્યનાં પ્રણેતા તત્ત્વચિંતક ઋષિરાજ શ્રી પાંડુરંગ વૈજનાથ આઠવલે છે. તેમને સ્વાધ્યાય પરિવાર દ્વારા "દાદા"નાં હુલામણા નામથી ઓળખે છે. "દાદા' એટલે કે મરાઠી ભાષામાં જેનો અર્થ મોટાભાઇ થાય છે. તે નામે સત્કાળે છે. સ્વાધ્યાય પરિવારની કલ્પનાને સાકાર કરી સર્વ ધર્મ સમભાવ અને વસુદૈવ કુંટુબકમની ભાવના જય યોગેશ્વરના અંતરનાદ સાથે માનવમાં મનુષ્યત્ત્વનું મનુષ્ય ગૌરવ નિર્માણ કર્યુ છે.

## સ્વાધ્યાય કાર્ય

સ્વાધ્યાય એટલે "સ્વ"નો અધ્યાય કે અભ્યાસ શુધ્ધ જીવાત્માને "અહમ" અને "ઇચ્છા" નો સંગ લાગતા જે જીવ તૈયાર થાય છે તે "સ્વ" અહમ અસ્તિત્વનું ભાન રાખે છે. જ્યારે "ઇચ્છા" જીવનની આશા રાખે છે. "સ્વ" એટલે શરીરમાં ચૈતન્ય તત્વ છે. સર્વસ્ય ચાહં હ્રદિ સન્નિવિષ્ટો.... અધ્યાય ૧૫/૧૫ શ્લોક. તેમાં માનવ પોતાના "સ્વ"ને ઓળખવો અને બીજાનાં "સ્વ"નો સ્વીકાર અને આદર કરવાનો અભ્યાસ એટલે સ્વાધ્યાય.

## યુવાકેન્દ્રની પ્રવૃત્તિઓ

યુવાકેન્દ્રમાં કેન્દ્ર સ્થાને યુવાન છે. યુવાકેન્દ્ર એટલે જયાં યુવા વયના ૧૬ થી ૩૦ વર્ષનાં યુવાનો નિસ્ચિત કરેલ સ્થળ પર ભગવાનને કેન્દ્રમાં રાખીને ભગવદ સદવિચારોનું ચર્ચા વિચારણાં કરવામાં આવતુ એક પ્લેટફોર્મ. પ્રત્યેક કૃતિ ભગવાનને કેન્દ્રમાં રાખીને કરવામાં આવે છે. નિસ્વાર્થ દૈવીભાતૃભાવથી પ્રત્યેકયુવાનો મળતાં હોય છે. યુવા કેન્દ્રમાં આખા વર્ષ દરમિયાન ગુણદર્શન, ચરિત્રદર્શન, મંતવ્યદર્શન, ઉત્સવ, ભાવગીત, રમત, કોયડો સદવિચાર, કુતુહલમ વગેરે જેવાં વિષયોનો અભ્યાસ કરવામાં આવે છે. યુવાકેન્દ્રનાં વિષયો Universal formatનાં આધારે આખા વિશ્વમાં એક સુત્રતાના એક વિચાર, પધ્ધતિથી યુવાકેન્દ્ર ચાલે છે. તેમજ ગીતાજયંતી, નિબંધ સ્પર્ધા, રમત ઉત્સવ, પથનાટ્ય (નાટક) વગેરે જેવી બાબતનો અભ્યાસ કરવામાં આવે છે.

## અભ્યાસ

ભગવદગો મંડળ પ્રમાણે "અભ્યાસ" એટલે ચિંતન, મનન, મહાવરો.

અભ્યાસ એટલે એક કામ પાછળ ખંતથી વારંવાર મથ્યા રહેવા પણુ.

સામન્ય અર્થમાં અભ્યાસ એટલે કોઇપણ કાર્યનું પુનરાવર્તન. કોઇ સમસ્યાના ઉકેલ શોધવામાં લાગી જવુ, કોઇ વિષયમાં સંશોધન કરવુ કે સંશોધનનું ઊડાણથી વિવેચન કરવું"

## સંશોધનનાં હેતુઓ

૧. ઉમરગામ તાલુકામાં શ્રી પાંડુરંગ આઠવલેજીનાં સ્વધ્યાય કાર્યમાં યુવાકેન્દ્ર વિશે જાણવા.

૨. ઉમરગામ તાલુકામાં શ્રી પાંડુરંગ આઠવલેજીનાં સ્વધ્યાય કાર્યમાં યુવાકેન્દ્ર હેઠળ થતી પ્રવૃત્તિ પાછળનો હેતુઓ વિશે જાણવા.

૩. ઉમરગામ તાલુકામાં શ્રી પાંડુરંગ આઠવલેજીનાં સ્વધ્યાય કાર્યમાં યુવાકેન્દ્રમાં Universal Format નું મહત્ત્વ વિશે જાણવા.

૪. ઉમરગામ તાલુકામાં શ્રી પાંડુરંગ આઠવલેજીનાં સ્વધ્યાય કાર્યમાં યુવાકેન્દ્રમાં પંચસુત્રિ વિશે જાણવા.

## સંશોધનનાં પ્રશ્નો

૧. ઉમરગામ તાલુકામાં યુવાકેન્દ્ર હેઠળ કઇ કઇ પ્રવૃતિઓ થાય છે ?

૨. ઉમરગામ તાલુકામાં યુવાકેન્દ્ર પ્રવૃતિની પ્રત્યેક કૃતિ પાછળ કયા કયા હેતુઓ રહેલા છે ?

૩. ઉમરગામ તાલુકામાં યુવાકેન્દ્રના યુવાનો Universal Formatનાં મહત્ત્વ વિશે શું સમજણ ધરાવે છે ?

૪. ઉમરગામ તાલુકામાં યુવાકેન્દ્રમાં પંચસુત્રી દ્વારા કયા ક્યા ફાયદાઓ થાય છે ?

## વ્યાપ વિશ્વ અને નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપ વિશ્વ તરીકે ઉમારગામ તાલુકામાં યુવા કેન્દ્રનાં ફક્ત યુવા ભાઇઓનો જ સમાવેશ કર્યો હતો. જેમાંથી સહેતુક નમૂના પ્રમાણે ૧૫૦ યુવાકેંદ્રમાંથી ફક્ત ત્રણ યુવાકેન્દ્રનાં ૭૫ યુવાનો પાસેથી માહિતી મેળવી હતી.

## સંશોધન પધ્ધતિ

પ્રસ્તુત સંશોધન માટે સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

## માહિતી એકત્રીકરણ

પ્રસ્તુત સંશોધનમાં સમાવિષ્ટ નમૂનાના પાત્રોનાં આધારે યુવાનો પાસેથી રૂબરૂ મળી મુક્ત અને બંધ પ્રશ્નાવલિ આપી ઉતરો મેળવવામાં આવ્યા હતા.

## માહિતી પૃથકકરણ

પ્રસ્તુત સંશોધનમાં યુવાનો પાસેથી મેળવેલી માહિતીનું પૃથકકરણ (ટકાવારી પધ્ધતિ) અંકશાસ્ત્રીય પ્રયુક્તિનો તથા વિષય વસ્તુ વિશ્લેષણ દ્વારા ગુણાત્મક પૃથકકરણ કરી તારણો મેળવવામાં આવ્યા હતા.

## સંશોધનનાં તારણો

- યુવાકેન્દ્રનાં સંદર્ભ અંગેના તારણો

  ૧. યુવાનોનાં જીવનમાં કૃતજ્ઞતા, અસ્મિતા અને તેજસ્વિતાનો ભાવ નિર્માણ થાય છે.
  ૨. યુવાનોનાં જીવનમાં સર્જનાત્મક શક્તિ, નિર્ણય શક્તિ, કર્તુત્ત્વ શક્તિ જેવાં ગુણોનો વિકાસ થાય છે.
  ૩. યુવાનોમાં રહેલી સુશુપ્ત શક્તિનો વિકાસ થાય છે.
  ૪. યુવાનોનાં જીવનમાં આત્મવિશ્વાસ અને આત્મગૌરવ નિર્માણ થાય છે.
  ૫. યુવાનોમાં જીવનલક્ષી ગુણો અને ચારિત્ર્ય ઘડતર થાય છે.
  ૬. યુવાનોમાં can do વૃત્તિ અને જીજ્ઞાસા વૃત્તિ નિર્માણ થાય છે.
  ૭. યુવાનોમાં યુવાનો વચ્ચે નિ:સ્વાર્થ દૈવી ભાતૃત્વભાવ નિર્માણ થાય છે.
  ૮. યુવાનોના જીવનમાં વિધાયક દ્રષ્ટિકોણ અને જીવન જીવવાનો સાચો રાહ મળે છે.
  ૯. યુવાનોના જીવનમાં ત્રિકાળસંધ્યા, ગીતાના વિચારોથી માહિતગાર થાય છે.

૧૦. યુવાકેંદ્રથી યુવાનોનાં જીવનમાં વિચાર વાણી અને વર્તનમાં પરિવર્તન આવે છે.

૧૧. યુવાનોના જીવનમાં નિયમિતતા, નિષ્ઠા, પ્રમાણિકતા સત્ય, સંસ્કાર, દૈવી ભાતૃત્ત્વભાવ વગેરે જેવાં ગુણો સંક્રાત થાય છે.

૧૨. યુવાનનાં જીવનમાં શારિરીક, માનસિક અને બૌધ્ધિક વિકાસ થાય છે.

૧૩. યુવાનનાં જીવનમાં અંધશ્રધ્ધા વહેમ, કુરિવાજો પરંપરા, માન્યતામાં પરિવર્તન જોવા મળે છે.

૧૪. ગીતાનાં વિચારો જીવન જીવવામાં પ્રેરણા, માર્ગદર્શન અને અશ્વાસન મળે છે.

૧૫. યુવાનો દ્વારા રમત ગીતા જયંતી, નિબંધ સ્પર્ધા, પથનાટ્ય (નાટક), ભાવ ફેરી વગેરે જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

૧૬. ગીતાએ વૈશ્વિક અને જીવનગ્રંથ છે. માનવ જીવનનાં દરેક કોયડાઓ કે પ્રશ્નનો ઉકેલ ગીતામાં છે.

૧૭. યુવાનોમાં બાળકો પ્રત્યે યુવાન, કુંટુબના સભ્યો પ્રત્યે આદરભાવ, સન્નમાનની લાગણીઓ નિર્માણ થાય છે.

૧૮. રમતથી એકબીજા પ્રત્યે આદરભાવ હારજીત આત્મીયતા, સંઘ નિષ્ટા વગેરે જેવાં ગુણો જીવન ઘડતરમાં ઉપયોગી બને છે.

૧૯. ત્રિકાળ સંધ્યા દ્વારા સ્મૃતિદાન, શક્તિદાન અને શાંતિદાન જીવનમાં મળે છે.

## સંદર્ભ સૂચિ


- ખેર, રાજેન્દ્ર (૨૦૧૫) કાયા બની ચંદન, પૂણે વિહંગ પ્રકાશન
- સદવિચાર દર્શન, સંપાદક (૨૦૦૭), શ્રી વાલ્મીકી રામાયણ દર્શન. પાંડુરંગ શાસ્ત્રીનાં પ્રવચનોનો સંગ્રહ, મુંબઇ.
- સદવિચાર દર્શન, સંપાદક (૨૦૦૬), ઋષિ સ્મરણ. પાંડુરંગ શાસ્ત્રીનાં પ્રવચનોનો સંગ્રહ, મુંબઇ.
- સદવિચાર દર્શન, સંપાદક (૨૦૦૪), સ્વાધ્યાય. પાંડુરંગ શાસ્ત્રીનાં પ્રવચનોનો સંગ્રહ, મુંબઇ.
- સદવિચાર દર્શન, સંપાદક (૨૦૦૪), ત્રિકાળ સંધ્યા. પાંડુરંગ શાસ્ત્રીનાં પ્રવચનોનો સંગ્રહ, મુંબઇ.
- સદવિચાર દર્શન, સંપાદક (૨૦૦૨), યુવાન. પાંડુરંગ શાસ્ત્રીનાં પ્રવચનોનો સંગ્રહ, મુંબઇ.
- ઝવેરી, વી,જે (૨૦૦૪) એષા પંથા એતત્કર્મ. પાંડુરંગ શાસ્ત્રીનાં પ્રવચનોનો સંગ્રહ, મુંબઇ.
- ઉચાટ, ડી.એ. (૨૦૦૦) સંશોધનની વિશિષ્ટ પધ્ધતિઓ, રાજકોટ વાસુકી પ્રિન્ટીંગ પ્રેસ, ગુજરાત રાજ્ય
- શાહ, ડી.બી. (૨૦૦૪) શૈક્ષણિક સંશોધન અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય પૃ.ક્ર. ૩૪૧,૩૪૨
- ઉચાટ, ડી.એ. (૨૦૦૯) શિક્ષણ અને સામજીક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિ શાસ્ત્ર, રાજકોટ : સૌરાષ્ઠ યુનિવર્સિંટી પૃ.ક્ર. ૧૦૬
- શ્રી પાંડુરંગ આઠવલેજીનાં વિચારો પર આધારિત છે.